# MOS speaks on the India-Africa Forum Summit-IV at the 15th CII-EXIM Bank Digital Conclave on India Africa Project Partnership

September 24, 2020

## ભારત આફ્રિકા પરિયોજના સહભાગીતા પર 15મી સીઆઈઆઈ-એક્ઝિમ બેંક ડિજિટલ કોન્ક્લેવ પર ભારત-આફ્રિકા મંચ શિખર સંમેલન-IV પર રાજ્યકક્ષાનાં મંત્રી ઉદ્બોધન કરે છે.

સપ્ટેમ્બર 24, 2020

વિદેશી બાબતોનાં રાજ્ય કક્ષાનાં મંત્રી શ્રી વી. મુરલીધરન આજે નવી દિલ્હીમાં ભારત આફ્રિકા પરિયોજના સહભાગીતા પર ચાલું 15મી સીઆઈઆઈ-એક્ઝિમ બેંક ડિજિટલ કોન્ક્લેવ પર ભારત-આફ્રિકા મંચ શિખર સંમેલન-IV પરનાં સત્રમાં મુખ્ય વક્તા હતા.

આ સત્રમાં અન્ય વક્તાઓ તરીકે બોત્સવાના ગણરાજ્યનાં આંતરરાષ્ટ્રિય બાબતો અને સહકારનાં મંત્રી મહામહિમ શ્રી લેમોગેંગ ક્વૉપે, આરબ ગણરાજ્ય ઈજીપ્તનાં આંતરરાષ્ટ્રિય સહકાર મંત્રી મહામહિમ ડૉ. રાનિયા એ અલ માશાત, માલાવી ગણરાજ્યનાં વિદેશ મંત્રી મહામહિમ આઇઝનહોવર મકાકા, અને ઝિમ્બાબ્વે ગણરાજ્યનાં વિદેશી બાબતો અને આંતરરાષ્ટ્રિય વ્યાપાર મંત્રી મહામહિમ લેફ્ટનન્ટ જનરલ ડૉ. સિબુસિસો બી મોયો હતા.

પોતાની ટિપ્પણીઓમાં, રાજ્ય કક્ષાનાં મંત્રી શ્રી મુરલીધરને ભારત-આફ્રિકા સંબંધનાં કેટલાક નોંધપાત્ર પાસાઓનું અવલોકન કરવા સાથે શરૂઆત કરી હતી: ભારત આફ્રિકાનાં સૌથી મોટા વ્યાપાર, રોકાણ અને વિકાસ ભાગીદારો પૈકી એક છે અને આફ્રિકન વસ્તુઓ અને ઉત્પાદનો માટે મોટું માર્કેટ ઑફર કરે છે; ભારત ભૂતકાળમાં આફ્રિકા અને તેનાં લોકોની પડખે ઉભો રહ્યો છે અને ભવિષ્યમાં પણ એક મોટા વિકાસ ભાગીદાર તરીકે રહેવાનું ચાલું રાખશે. ભારત-આફ્રિકા મંચ શિખર સંમેલન ભારત અને આફ્રિકા વચ્ચે દીર્ઘકાલીન મૈત્રી, પારસ્પરિક સમજણ અને સહકારની આ પરંપરામાં ઘડવામાં આવી હતી. તેણે 2018 માં યુગાન્ડામાં સંસદમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા પોતાનાં સંબોધનમાં વ્યક્ત કરવામાં આવ્યા અનુસાર આફ્રિકા તરફનાં ભારતનાં અભિગમનાં 10 માર્ગદર્શક સિદ્ધાંતોને યાદ કર્યા હતા.

રાજ્ય કક્ષાનાં મંત્રીએ ગત ભારત-આફ્રિકા મંચ શિખર સંમેલન દરમિયાન આપવામાં આવેલા વચનોનાં ભારત દ્વારા કરવામાં આવેલા કાળજીપૂર્વકનાં અમલીકરણની વિગતો આપી હતી, અને નોંધ લીધી હતી કે આફ્રિકન યુનિયન કમિશન સાથે નવી દિલ્હીમાં 2019 માં યોજાયેલી મધ્ય-કાલીન સમીક્ષા બેઠકમાં પણ આનો સ્વિકાર કરવામાં આવ્યો હતો અને વ્યાપાર અને રોકાણ, કૃષિ, ઊર્જા, બ્લૂ અને ઓશન ટેકનોલોજી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શિક્ષણ અને કૌશલ્ય વિકાસ, આરોગ્ય, શાંતિ અને સુરક્ષા તથા બહુપક્ષીય બાબતોમાં સહકાર સહિત અગત્યનાં ક્ષેત્રોમાં સહકારની નોંધ લીધી હતી. રાજ્ય કક્ષાનાં મંત્રીએ બે નોંધપાત્ર બહુઆયામી શરૂઆતો એવી ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ અને કોલિશન ફૉર ડિઝાસ્ટર રેઝિલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સાર જણાવ્યો હતો, જે બન્નેમાં આફ્રિકન

સહભાગીતાને આવકારવામાં આવી છે. તેણે નોંધ લીધી હતી કે ભારતે સમગ્ર વિશ્વમાં 85 રાષ્ટ્રોને તબીબી સહાય પ્રદાન કરી હતી જેમાંથી 25 આફ્રિકન દેશો હતા.

શ્રી મુરલીધરને યાદ કર્યું હતું કે ફેબ્રુઆરી 2020 માં લખનૌમાં સૌપ્રથમ ભારત-આફ્રિકા રક્ષા મંત્રીઓની કોન્ક્લેવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં 33 આફ્રિકન દેશોમાંથી 146 પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો અને તેમાં લખનૌ ડીક્લેરેશન સ્વિકૃત કરવામાં આવ્યું હતું જેમાં પ્રશંસા કરવામાં આવી હતી કે ભારત અને આફ્રિકા ઈન્ડો-પેસિફિક અખંડ પ્રવાહમાં નોંધપાત્ર હિસ્સો હતા અને આફ્રિકામાં શાંતિ અને સુરક્ષા માટેનું AU વિઝન ભારતનાં સાગર (SAGAR) વિઝન સાથે સંયોગ ધરાવે છે. તેણે એવી આશા વ્યક્ત કરતા વક્તવ્ય સમાપ્ત કર્યું હતું કે વહેલામાં વહેલી સાનુકૂળ તકે ભારત-આફ્રિકા મંચ શિખર સંમેલનનું 4થું સંસ્કરણ યોજવામાં આવશે.

આફ્રિકન મંત્રીઓએ તેઓનાં વિધાનોમાં ભારત અને આફ્રિકા વચ્ચેની દીર્ઘકાલીન મૈત્રી અને સમાન આકાંક્ષાઓનાં આધાર પર આફ્રિકાની વિકાસની મહત્વાકાંક્ષામાં ભારતની ઉદાર સહાયતા અને સમર્થનનો જયકાર કર્યો હતો. વર્ષોથી સૌથી ઓછા વિકસેલા આફ્રિકન દેશો (LDCs) ને ભારત દ્વારા પ્રદાન કરવામાં આવેલી ભારતીય માર્કેટમાં ડ્યુટી-ફ્રી ક્વૉટા-ફ્રી સુલભતા બદલ કેટલાક મંત્રીઓએ ભારતનો આભાર માન્યો હતો. કેટલાકે ભારતને “અનિવાર્ય પાર્ટનર” તરીકે વર્ણવતા તેઓનાં નાના અને મધ્યમ ઉદ્યોગ-સાહસોને ભારત દ્વારા આપવામાં આવેલી સહાયતાની વિશેષ નોંધ લીધી હતી. તમામ મંત્રીઓએ ભારતે ખાસ કરીને છેલ્લા 5 વર્ષોમાં આફ્રિકન દેશોને રાહત દર પર ધિરાણો ઉપલબ્ધ કરાવ્યા તે બદલ સ્નેહપૂર્ણ શબ્દો બોલ્યા હતા, અને અવલોકન કર્યું હતું કે આ ધિરાણો અને પંસદગીનાં માર્કેટની સુલભતાએ આફ્રિકન અર્થતંત્રોને સહાયતા કરી હતી. સાનુકૂળ વાત પણ કરવામાં આવી હતી કે ભારત કેવી રીતે “ડિજિટલ વિભાજનનો સેતુ બાંધવામાં આફ્રિકાને મદદ કરી રહ્યું હતું” ખાસ કરીને ટેલી-એજ્યુકેશન અને ટેલી-મેડિસિન સેવાઓમાં જે ભારત દ્વારા સમગ્ર આફ્રિકા ખંડ માટે ઉપલબ્ધ કરાવવામાં આવી રહી હતી. મંત્રીઓએ આફ્રિકન કોન્ટિનેન્ટલ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ અમલમાં આવવાનો જયઘોષ કર્યો હતો અને આશાર વ્યક્ત કરી હતી કે ભારત-આફ્રિકા મંચ શિખર સંમેલન-IV અને આફ્રિકાનાં એજન્ડા 2063 વચ્ચે સુમેળ હશે.

અનુસરણ પામેલી સંક્ષિપ્ત ચર્ચામાં, મંત્રીઓ મહામારીની અસરોમાંથી બહાર આવવા ભારત-આફ્રિકા ભાગીદારી મજબૂત કરવાની જરૂરીયાત પર સંમત થયા હતા. રાજ્ય કક્ષાનાં મંત્રીએ આ સત્રમાં ભાગ લેવા બદલ મંત્રીઓનો આભાર માન્યો હતો.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 24, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.